Item No: 37.12

# આણંદ કૃષિ યુનિવર્સિટી

## આણંદ – ૩૮૮ ૧૧૦

ડૉ. પી. આર. વૈષ્ણવ

કુલસચિવ

ફોન/ફેકસ નં-(૦૨૬૯૨)૨૬૧૩૧૦

જા.નં.આકૃયુ/રજી/પરીક્ષા/યુજી-૨/૨૦૨૩-૨૭/૨૦૧૫ ता.૨૦/૦૫/૨૦૧૫

પ્રતિ,
નાયબ સચિવ-વ-સભ્યસચિવશ્રી (કૃષિ યુનિ.),
રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદ,
કૃષિભવન, પોડીયમ લેવલ, સેકટર-૧૦ એ,
ગાંધીનગર.

વિષય : વોકેશનલ કોર્ષ ઓન કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી તાલીમ કાર્યક્રમમાં ભાગ લેનાર તાલીમાર્થીઓને માસિક સ્ટાઇપેન્ડ રૂ.૧૦૦૦/- પ્રતિ માસ ચૂકવવા માટેની મંજુરીની દરખાસ્ત મોકલવા બાબત.

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ હસ્તકના કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી કોલેજ, ગોધરા ખાતે એક વર્ષનો વોકેશનલ કોર્ષ ઓન કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી કાર્યક્રમ ચાલે છે. આ તાલીમમાં આવતાં તાલીમાર્થીઓને હાલ કોઇ પણ પ્રકારનું સ્ટાઇપેન્ડ આપવામાં આવતું નથી. આ તાલીમ કાર્યક્રમ એક સ્વરોજગારલક્ષી કોર્ષ છે. અહી અભ્યાસ અર્થે આવતા તાલીમાર્થીઓ મોટા ભાગે પંચમહાલ અને દાહોદના આદિવાસી વિસ્તારમાથી આવે છે. સદર કોર્ષમાં ગામડાનાં આર્થિક પછાત વર્ગના તાલીમાર્થીઓ વધુમાં વધુ આવે છે તે હેતુસર જો સ્ટાઇપેન્ડ આપવામાં આવે તો વધુ તાલીમાર્થીઓ આ કોર્ષમાં જોડી શકાય તેમ છે.

હાલમાં આ કોર્ષમાં ભાગ લેવા માટે તાલીમાર્થીઓ ૧૦૦ થી ૧૫૦ કી.મી.ના અંતરથી કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી કોલેજ, ગોધરા ખાતે આવે છે. તો તેમને સ્ટાઇપેન્ડ સ્વરૂપે આર્થિક મદદ મળી રહે તો તેઓ ગોધરા ખાતે રહીને વધારે સારી રીતે અભ્યાસ કરી શકશે. આથી પ્રતિ માસ રૂ.૧૦૦૦/- સ્ટાઇપેન્ડ આપવામાં આવે તો તેઓને આર્થિક રીતે પણ ફાયદો થશે અને કોર્ષમાં વધારે રસ પડશે, તેમજ સ્વરોજગાર વધારવામાં પ્રોત્સાહન મળશે.

વધુમાં ઉપરોક્ત પ્રકારનું સ્ટાઇપેન્ડ રાજયની અન્ય કૃષિ યુનિવર્સિટીમા ભણતા વોકેશનલ કોર્ષના તાલીમાર્થીઓને (જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢના જાહેરનામા જા.નં.જુકૃયુ/વિશિની/એસ્ટા-૧/૭૩૯૮-૭૪૪૭/૧૦ તા.૨-૧૧-૨૦૧૦) ચુકવવામાં આવે છે. તેમજ આ પ્રકારનું સ્ટાઇપેન્ડ ગુજરાત રાજયના આઇટીઆઇમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ આપવામાં આવે છે. (દા.ત. ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૧૧/ન.બા.-૪૮/ગ તા.૧૮-૪-૨૦૧૨ અને ઠરાવ ક્રમાંક: સંશપ/ ૧૦૨૦૧૨/ ન.બા./૪૪/એ-૧, સંશપ/૧૦૨૦૧૨/ન.બા./૪૫/એ-૧,સંશપ/૧૦૨૦૧૨/ન.બા./૪૬/એ-૧, તા.૨૦-૪-૨૦૧૨) તો અન્ય યુનિવર્સિટીની સાથે એકસૂત્રતા જળવાઇ રહે અને વધુ ને વધુ વિદ્યાર્થીઓ આ કોર્ષમાં રસ દાખવે તે ધ્યાને લઇ સદર સ્ટાઇપેન્ડ રૂ.૧૦૦૦/-(એક હજાર રૂપિયા પુરા પ્રતિ માસ) મંજુર કરવા માટે નિયામક મંડળની ૩૭મી બેઠક તા.૧૫-૪-૨૦૧૫ ના રોજ આણંદ ખાતે યોજાયેલ. જેના મુદ્દાનં. ૩૭.૧૨માં દર્શાવ્યા મુજબ તાલીમાર્થીઓને માસિક સ્ટાઇપેન્ડ રૂ.૧૦૦૦/-(એક હજાર રૂપિયા પુરા) પ્રતિ માસ ચુકવવા નિયામક મંડળે મંજુર કરેલ છે. પરંતુ સરકારશ્રીમાં વિગતે દરખાસ્ત કરી મંજુરી મળ્યા બાદ અમલવારી કરવા માટે ઠરાવેલ હોઇ કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી કોલેજ, ગોધરા તરફથી કરવામાં આવેલ દરખાસ્ત આ સાથે સામેલ રાખી મંજુરી અર્થે મોકલી આપવામાં આવે છે.

કુલસચિવ

સામેલ : દરખાસ્ત

<u>નકલ સવિનય રવાના:</u>

(૧) આચાર્ય અને ડીનશ્રી, ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી, આકૃયુ, આણંદ તરફ જાણ સારૂં.

(૨) આચાર્યશ્રી, કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી કોલેજ, આકૃયુ, ગોધરાના પત્ર નં.આ.કૃ.યુ /કૃ.ઇ.ટે.કો./ એકેડે./ ૩૧૨/૨૦૧૫, તા.૧૩-૦૫-૨૦૧૫ અન્વયે જાણ સારૂ.

<u>નકલ રવાના :</u>

(૧) કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.

(૨) કુલસચિવશ્રીના અંગત મદદનીશ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.

C:\Users\Vora\Desktop\Ankita-UG-2\-UG 2-\2015 Gujarati Letter\2015 Guj.Letter.docx

Dr. H. C. Patel
Prof. & Head
Dept of Horti

માળી તાલીમના તાલીમાર્થીઓનું સ્ટાઈપેન્ડ વધારવા બાબત

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
## જૂનાગઢ

### -:: જાહેરનામું ::-

આથી સબંધકર્તા સર્વેને જણાવવાનું કે, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના નિયામક મંડળની તા. ૨૦/૦૯/૨૦૧૦ના રોજ ગાંધીનગર ખાતે યોજાયેલ ૧૯ મી બેઠકના મુદ્દા નં. ૧૯.૩૬ થી નિયામક મંડળે નીચે મુજબ ઠરાવેલ છે.

" આથી ઠરાવવામાં આવે છે કે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે ચાલતા માળી તાલીમ કાર્યક્રમમાં ભાગ લેતા તાલીમાર્થીઓને હાલ અપાતા રૂા. ૨૦૦/- ના માસિક સ્ટાઈપેન્ડને વધારીને રૂા. ૨૦૦૦/- પ્રતિ માસ કરવાની મંજૂરી આપવામાં આવે છે."

(એ. એમ. પારખીયા)
વિસ્તરણ શિક્ષણ નિયામક

જા.નં. જુકૃયુ/વિશિનિ/એસ્ટા-૧/ ૭૩૯૬ - ૭૪૪૭ /૧૦, જૂનાગઢ તા. ૨ /૧૦/૨૦૧૦

**નકલ અભિપ્રાય રવાના:**
(૧) નિયામક મંડળના તમામ સભ્યશ્રીઓ તરફ.

**નકલ જાણ/અમલવારી સારૂ રવાના:**
(૧) યુનિવર્સિટીના સર્વે અધિકારીશ્રીઓ તરફ
(૨) આ યુનિવર્સિટીના તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ.

**નકલ રવાના:**
(૧) કુલપતિશ્રી/કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
(૨) પ્રાધ્યાપકશ્રી, બાગાયત શાસ્ત્ર વિભાગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ
(૩) કુલસચિવશ્રી(એકેડેમીક શાખા), જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.( ૧૦ નકલમાં)
(૪) જાહેર નામા ફાઈલ.
(૫) નિયામકશ્રી, આઈ.ટી.સેલ, જૂ.કૃ.યુ., જૂનાગઢ તરફ વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા સારૂ.

અનુસૂચિત જાતિના આઇટીઆઇમાં અભ્યાસ કરતા
વિદ્યાર્થીઓને આપવામાં આવતી શિષ્યવૃત્તિ યોજનાનું
નામાભિધાન " સ્વામી વિવેકાનંદ શિષ્યવૃત્તિ યોજના"
રાખવા તેમજ આપવામાં આવતી શિષ્યવૃત્તિમાં વધારો
કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઅજાક/૧૦૨૦૧૧/ન.બા.-૪૮/અ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૮/૦૪/૨૦૧૨

**વંચાણે લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૪-૪-૨૦૧૧ નો ઠરાવ ક્રમાંકઃઅજાક/૧૦૨૦૧૧/૧૧૮/ગ

**ઠ રા વઃ-**

અનુસૂચિત જાતિના આઇટીઆઇમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના તા. ૪-૪-૨૦૧૧ ના ઠરાવથી માસિક રૂ. ૨૫૦/- સ્ટાઇપન્ડ ચુકવવા અંગેની યોજના અમલમાં છે તથા વાલીની આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૨૦,૦૦૦/- તથા શહેરી વિસ્તારમાં રૂ.૨૫,૦૦૦/- છે. જેમાં વધારો કરવા અંગે ની બાબત સહિત આ યોજનાનું નામાભિધાન " સ્વામી વિવેકાનંદ શિષ્યવૃત્તિ યોજના" રાખવાની બાબત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે અનુસૂચિત જાતિના આઇટીઆઇમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આપવામાં આવતી શિષ્યવૃત્તિ યોજનાનું નામ " સ્વામી વિવેકાનંદ શિષ્યવૃત્તિ યોજના" રાખવામાં આવે છે અને હાલમાં સ્ટાઇપન્ડ પેટે માસિક રૂ. ૨૫૦/-જે ચુકવવામાં આવેછે તેના બદલે માસિક રૂ. ૪૦૦ કરવા તથા આ યોજના માટે વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં ૨૭,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ. ૩૬,૦૦૦/- કરવાનું નક્કી કરવામાં આવે છે. અને આ માટે વર્ષ ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં રૂ. ૧૦૫.૦૦ લાખની કરવામાં આવેલ જોગવાઇનો ખર્ચ કરવા નીચેની શરતોએ આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ ખર્ચ તા. ૧/૪/૨૦૧૨ થી કરવાનો રહેશે.

(૨) નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને સને ૨૦૧૨-૧૩ ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને ખર્ચ કરવાનો રહેશે.

(૩) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે અને

વર્ષ આખરે રહેતી બચત રકમ સરન્ડર કરવાની રહેશે.

(૪) વર્ષ ૨૦૧૧-૧૨ની જોગવાઇ માંથી કોઇ નવી બાબત માટે ખર્ચ કરવાનો રહેશે નહી સિવાય કે આ નવી બાબત માટે જરૂરી બજેટ જોગવાઇ કરવામાં આવેલ હોય.

(૫) આ યોજનાના લાભાર્થીઓની યાદી નિભાવવાની રહેશે.

(૬) યોજનાની મૂળ તમામ શરતો યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક:૯૨ મુખ્ય સદર ૨૨૨૫ અનુ.જાતિઓ,અનુ.આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ મુખ્ય પેટા સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ (૦૬) બીસીકે-૧૩ અનુજાતિ પેટા યોજના તકનિકી અને વ્યવસાયીક અભ્યાસક્રમો માટે સરકારી શિષ્યવૃત્તિઓ યોજના સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં)ની તા. ૧૭-૪-૨૦૧૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શ્રીમતી એસ.આર. સુરીયા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી(નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)

<u>નકલ રવાના:-</u>
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી,સા.ન્યા.અને અ.વિ. ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા. અને અ.વિ.) સચિવાલય,ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ/અ.૧, સા.ન્યા.અને અ.વિ. સચિવાલય,ગાંધીનગર.
  સિલેક્ટ ફાઇલ શાખા/ ના.સે.અધિ.શ્રી

X-------X------X

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના
તકનીકી અને વ્યવસાયીક અભ્યાસક્રમોમાં
અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સ્ટાઇપેન્ડ
આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:સશપ/૧૦૨૦૧૨/નબા./૬૪/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ-૨૦/૪/૨૦૧૨

<u>વંચાણે લીધા:-</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૦-૪-૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક:સશપ/૧૦૨૦૧૧/૩૫૨/નબા.૧

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા. ૨૩/૧/૨૦૧૨ નો પત્ર ક્રમાંક:વિજાક/શિક્ષણ/નબા./૨૦૧૧-૧૨/૧૦૬

<u>ઠ રા વ:-</u>

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તકનીકી અને વ્યવસાયીક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સ્ટાઇપેન્ડ આપવાની યોજના અમલમાં છે. જે અન્વયે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણ હેઠળના ક્રમાંક (૧) પરના તા. ૨૦-૪-૨૦૧૧ ના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તકનીકી અને વ્યવસાયીક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માસિક રૂ. ૨૫૦/- સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે. તેમજ આ યોજનામાં વિદ્યાર્થીઓના વાલીની વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં ૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં ૨૫,૦૦૦/-ની છે. જેમાં વધારો કરવા અંગે વંચાણ હેઠળના ક્રમાંક (૨) પરના તા. ૨૩/૧/૨૦૧૨ ના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણએ કરેલ દરખાસ્ત અંગેની બાબત વિચારણા હેઠળ હતી.

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તકનીકી અને વ્યવસાયીક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને આપવામાં આવતા સ્ટાઇપેન્ડ માસિક રૂ. ૨૫૦/-ના બદલે રૂ. ૪૦૦/- કરવા તથા આ યોજના માટે વિદ્યાર્થીના વાલીની આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં ૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ. ૨૫,૦૦૦/- છે તેના બદલે ગ્રામ્ય વિસ્તારમાં ૨૭,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ. ૩૬,૦૦૦/- કરવાનું નક્કી કરવામાં આવે છે. અને આ માટે વર્ષ ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ.૨૮૫.૦૦ લાખ અંકે રૂપિયા ચાર લાખ પચાસ હજાર પુરાની જોગવાઇનો ખર્ચ કરવા નીચેની શરતોએ આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

આ યોજનાનું નામ " સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તકનીકી અને વ્યવસાયીક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સ્ટાઇપેન્ડ આપવાની સ્વામી વિવેકાનંદ યોજના " રાખવામાં આવે છે.

(૧) આ ખર્ચ તા. ૧/૪/૨૦૧૨ થી કરવાનો રહેશે.

(૨) નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને સને ૨૦૧૨-૧૩ ના વર્ષની બજેટ જોગવાઈને આધીન રહીને ખર્ચ કરવાનો રહેશે.

(૩) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે અને વર્ષ આખરે રહેતી બચત રકમ સરન્ડર કરવાની રહેશે.

(૪) સને ૨૦૧૧-૧૨ ના વર્ષની જોગવાઇમાંથી કોઇ નવી બાબત માટે ખર્ચ કરવાનો રહેશે નહીં. સિવાય કે આ નવી બાબત માટે જરૂરી બજેટ જોગવાઇ કરવામાં આવી હોય.

(૫) આ યોજનાનો સુચારૂ અમલ થાય તે માટે સમયાંતરે સમીક્ષા માટેની ચોકકસ વ્યવસ્થા નિયામકશ્રી(વિ.જા)એ ગોઠવવાની રહેશે.

(૬) આ યોજનાના લાભાર્થીઓની યાદી નિભાવવાની રહેશે.

(૭) યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક-૯૨ મુખ્ય સદર ૨૨૨૫, અનુ.જાતિ/અનુ.આદિજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ મુખ્ય પેટા સદર-૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, (03) બીસીકે-૮૩ તકનીકી અને વ્યવસાયીક અભ્યાસક્રમો માટે શિષ્યવૃત્તિ (સા.શૈ.પ.વ.) સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં )ની તા. ૧૦-૪-૨૦૧૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( [illegible] )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અ.વિ.ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા)
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ/ખ/અ શાખા, સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.